સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

યુનિવર્સિટી - મહાત્મા મંદિરે કરાવો ગરબા !
'વિકાસ' અને 'સૂત્રા', પ્લોટ પર કરાવો ગરબા !
'આંકડા'ની પાર્ટીના ઠૂમકે ચઢાવો ચકરાવે -
નાકે બાંધી, રાજકોટી ધમણ કરાવો ગરબા!

હાઈકુ

મતની બિલ્લી,
ને 'નવરાત્રી' ઘંટ -
બાંધસે કોણ ?
(પાવાગઢી માઈભક્ત શું કે' છે?)

દૈ ધો સૈયના -
રાખવી તકેદારી -
પાટીલ જેવી...
(રાખશું ડિસંટન્સ સરકાર સાથે)

ચિંતન

નાસતો વિદ્યતે ભાવો ના ભાવો વિદ્યતે સતઃ ।
ઉભયોરપિ દૃષ્ટોન્તઃ તુ અનયોઃ તત્ત્વદર્શિભિઃ ॥

ઉપરોક્ત શ્લોક વિવેક ચૂડામણિગ્રંથમાંથી લેવામાં આવેલ છે.

અસતનું અસ્તિત્વ નથી, અને સતનો અભાવ નથી. આ પ્રકારે આ બંનેને જ્ઞાનીઓ તત્ત્વથી જુએ છે. બસ એ દૃષ્ટિ જો કેળવાય તો પછી દુઃખ રહેજ નહીં. જાગ્રત - સ્વપ્ન - સૃષુપ્તિને આપણે યાદ કરી. તેમાં પણ જે અનુભવાય છે તે સત્ય નથી, નિત્ય નથી. પછી ભલે ને એ સુખ કે શાંતિ કેમ ન હોય. આમ સુખ-દુઃખ, શાંતિ-અશાંતિ, આનંદ-શોક, બધું જ દ્વૈત માત્ર અહીં કહ્યું તેમ મિથ્યા છે, મનમાં માનેલાં છે, દોરડીમાંના સાપ જેવા છે. ખરૂ સ્વરુપ છે તે પરમ સ્વરુપ જ છે, આનંદ સ્વરુપ જ છે, માટે જા, એ જાણીને તું સુખેથી રહે, વિચરણ કર.

સુવિચાર

- સંબંધે સંબંધે થોડો ફરક મળશે, કયાંક ઉઝરડા તો કયાંક મલમ મળશે.
  નિભાવશો સંબંધ સ્નેહથી... તો કયાંક દુર્યોધન, ને કયાંક સુદામા મળશે...!! - **રોહિત શાહ**
- ધર્મિષ્ઠ આત્માનું સૂત્ર છે - ધનમાં સંતોષ અને ધર્મમાં અસંતોષ - **એસ. ભટ્ટાચાર્ય**
- માણસ ધાર્મિક બનતો જાય છે પણ ધર્મશીલતા હોવી જરૂરી છે.
  શીલ એટલે હૃદયનો, વાણીનો સુકોમળ ભાવ - **મોરારિ બાપુ**
- સભ્યતા અને સંસ્કૃતિ પ્રવાહમાન હોવાં જોઈએ - **જનકલ્યાણ**
- સાચી શાંતિ મેળવવા મનને એરકંડિશન બનાવવાની જરૂર છે - **ડો. હંસલ ભચેચ**
- ભગવાન કૃપા વરસાવવા તૈયાર છે,
  પણ આપણું પાત્ર અવળું હોય તો આપણને શું મળે ? - **દાદા ભગવાન**
- આજનું ઔષધ : ચણાના લોટમાં ગુલાબ જળ ઉમેરી તે પેસ્ટ ખંજવાળી જગ્યાએ લગાડવાથી તરત રાહત થાય છે.

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

સારા દેખાવાની સાથે સાથે સારા થવું પણ જરૂરી છે. અંદરથી આપણે જો સારા હોઈશું અને બહારથી કદાચ સારા દેખાતા ન હોઈએ તો પણ ચાલશે. જયોર્જ બર્નાડ શૉના નાટકના એક દૃશ્યમાં પિતા તેના પુત્રને પૂછે છે. 'બેટા, તને મોટા થઈને શું થવું ગમશે? કલાકાર, સાહિત્યકાર, સંગીતકાર, પ્રોફેસર, વકીલ, વેપારી કે એન્જીનીયર ??' તેનો જવાબ આપતા પુત્ર પિતાને કહે છે. 'મોટો થઈને હું શું થઈશ એ અંગે મેં અત્યારે હજી કંઈ વિચાર્યું નથી. અત્યારે તો માત્ર હું એટલું જ ઈચ્છું છું કે સારા અને ખોટા વચ્ચેનો ભેદ હું પારખી શકું, અને જે સારું છે તેના જેવો બનવા માટે હું પ્રયત્ન કરું.'

પિતાએ પુત્રની પીઠ થાબડતાં કહ્યું, 'બેટા, સાચે જ તું બુદ્ધિમાન છે. એક વાર તને સારા અને નરસા વચ્ચેનો ભેદ કરતાં આવડી જશે પછી બધું જ સરળ થઈ જશે.' જીવનમાં સૌથી મોટી શીખવા જેવી આ વાત છે. સારા અને ખરાબ વચ્ચે નીર-ક્ષીર વિવેક કરતાં આવડી જાય પછી માત્ર બહારથી સારા દેખાવ માટેની જરૂર રહેશે નહીં. કારણ કે સારા દેખાવા કરતાં સારાં થવું અને સારા રહેવું એ વધુ ઉત્તમ છે.'

કોરોના સામે લડવા સતર્કતા અનિવાર્ય

તંત્રીસ્થાનેથી...

સરકાર પણ હવે કોરોના સામે જંગ ખેલીને ખસિયાણી પડી ગઈ છે. માયાવી રાક્ષસની જેમ કોરોના એની વિરુદ્ધની તમામ ઝીંક ઝીલીને અડીખમ રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત તમામ શાસકોના હાથ હેઠા પડ્યા છે. કોરોના સાથે જીવવાની નવી જીવનશૈલી વિકસાવવા પર જ સરકાર સહિત તમામનું ધ્યાન કેન્દ્રિત થયું છે. ઘણા સમયથી પ્રધાનમંત્રી નિવાસમાં સ્વૈચ્છિક નજરકેદ જેવી પરિસ્થિતિમાં પુરાઈ રહેલા વડાપ્રધાન હવે એમનો જન્મદિવસ ઊજવવા ગુજરાત પધારી રહ્યા છે. સી-પ્લેનના આનંદમય વિહાર સાથે તેઓ સાબરમતીથી સરદાર સરોવર સુધીનો પ્રવાસ ખેડી, સો વર્ષનાં જનેતાના આશીર્વાદ મેળવી પરત ફરશે પણ કોરોના આપણો કેડો મૂકે એ વાતમાં દમ નથી. એથી વડાપ્રધાને એમની સૂત્રાવલીમાં યથોચિત ઉમેરો પણ કરી દીધો છે : 'દો ગજ કી દૂરી, માસ્ક હૈ જરૂરી !' તો હવે જૂનું થઈ ગયું છે. અનલૉક પ્રક્રિયા પૂર્ણતાના આરે પહોંચી છે છતાં કેટલીક બાબતોમાં કાળજી જાતે નિર્ણય લઈ સરકારની ચિંતા હળવી કરી રહ્યા છે. દાખલા તરીકે નવરાત્રી ગરબાનાં ભવ્ય આયોજનો કરનારા સામે ચાલીને આ નવરાત્રી ઉત્સવ દરમિયાન નિષ્ક્રિય રહેવાના છે. નવરાત્રી ઉત્સવ ફક્ત શેરીઓ અને ગામચોકના ગરબાઓમાં આટોપાઈ જશે. સરકાર એટલી રાહત આપવા સહમત પણ થઈ છે. જો કે 'કોરોના હોટસ્પોટ' બની રહેલ રાજકોટના હું'શીલા ગરબા આયોજકોને સામૂહિક સંક્રમણ કે એનાં મૃત્યુ-સહિતનાં જોખમોની પરવા ન હોય એણ એ સરકારની સામે પડ્યા છે ! જો નવરાત્રી ઊજવવાની મંજૂરી ન મળે તો તમને રાજકીય સભાો, રેલીઓ વગેરે માટે અમારાં ભૂંગળાં પણ નહીં આપીએ એવી બાલિશ ધમકી અને તે પણ મુખ્યમંત્રીના વતનના જ માણસો આપી રહ્યા છે ત્યારે એમને ઈશ્વર કે માતાજી સદ્‌બુદ્ધિ આપે એટલી પ્રાર્થના જ કરવી રહી. કોરોનાએ પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીથી લઈ સાચા ગ્રામીણ નેતા કેન્દ્રના પૂર્વ ગ્રામવિકાસ મંત્રી રઘુવંશપ્રસાદ સિંહનો ભોગ લઈ લીધો છે. ગૃહમંત્રી અમિત શાહને ત્રીજી વાર હોસ્પિટલમાં દાખલ થવું પડ્યું છે. સી. આર. પાટિલ પ્રદેશ પ્રમુખ તરીકે વધુ પડતાં ઉત્સાહમાં વ્યાપક પ્રવાસ ખેડીને અને કોરોના - ગાઈડલાઈનનો ભંગ કરીને કોરોનાગ્રસ્ત થઈ ચૂક્યા છે. સરકારે ડિસ્ચાર્જ થયેલા કોરોના દરદીઓ ફરી પાછા ચેપ લગાડી ન બેસે કે ઘરે જઈને ગુજરી ન જાય એ હેતુથી કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય દ્વારા વિગતવાર ગાઈડલાઈન બહાર પાડી છે તે અનુસરવા જેવી છે. ડિસ્ચાર્જ કરાયેલા ઘણા દરદી ઘેર જઈને થોડા દિવસોમાં ગુજરી ગયા છે. આ બહુ જ મોટો ચિંતાનો વિષય છે. ડિસ્ચાર્જ કરાયેલ દર્દીઓને થાક, શરીરનો દુઃખાવો, ખાંસી, ગળામાં ખારાશ અને શ્વાસ લેવામાં તકલીફ રહેતી હોય તો વિશેષ કાળજી લેવાની જરૂર છે. ગંભીર બીમારીઓથી પીડાતા દરદીઓને સંપૂર્ણપણે સાજા થવામાં ઘણો વખત લાગી શકે છે. સવિશેષ આયુર્વેદિક ઉકાળા અને ચ્યવપ્રાશ કે અશ્વગંધા વગેરે પર જ ધ્યાન અપાયું છે અને યોગ તથા પ્રાણાયામથી તથા વોકિંગથી રાહત થશે એવું આશ્વાસન અપાયું છે. પરંતુ એલોપથીના તજજ્ઞો હજી આ મુદ્દે મોઢું ખોલે ત્યારે ખરા. ભોપાલ એમ્સ હોસ્પિટલ ખાતે ડૉક્ટરોએ કોરોનાના દરદીના ફેફસા પૂરતી ઓટોપ્સી કરી એ પછી રાજકોટની મેડિકલ કોલેજના ફોરેન્સિક મેડિસીન ડિપાર્ટમેન્ટના વડાની નિગરાની હેઠળ એક કોરોનાગ્રસ્ત શબનું 'સંપૂર્ણ પોસ્ટમોર્ટમ' કરાયું છે, જેથી હવે કોરોના વાઈરસ માનવીનાં કયાં કયાં અંગોને કેટલું અને કેવું નુકશાન પહોંચાડી શકે છે એનો અંદાજ આવી શકે અને એ મુજબ સારવારમાં પણ ફેરફાર થઈ શકશે. આખરે માનવી અને વાઈરસ વચ્ચેનાં યુદ્ધમાં સરકાર તો એક મર્યાદિત રોજ જ ભજવી શકશે. માણસોએ બચવા માટે જાતે જ જાગ્રત રહેવું પડશે. ભગવાન કે વડાપ્રધાન કરતાં હવે માણસે ડૉક્ટર, વૈદ્ય અને સૌથી વિશેષ પોતાની જાત પર ભરોસો મૂકવો પડશે.

હરિન્દ્ર દવેની રચનાઓ જયારે વાંચીએ - સાંભળીએ ત્યારે અજવાળા રેલાય છે

'યાદ કરો, કયારનો ફોટો છે આ ? રિલાયન્સ જામનગરના કોર્પોરેટ અધિકારી અને દાયકાઓ જુના મિત્ર આશીષ ખારોડે એક ફોટો મોકલીને પૂછ્યું ? અને આપણે તો રાજી રાજી... એ સમયે ભાવનગર યુનિવર્સિટીમાં હું જર્નાલિઝમનો અભ્યાસ કરતો હતો. અમારા જેવા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવા આવેલા જાણીતા લેખક-કવિ-તંત્રી હરિન્દ્ર દવેની એ ૧૯૮૦ના દાયકાના અંતિમ વર્ષોની તસ્વીર અને ૧૯ સપ્ટેમ્બરે એમની જયંતિ... અને આ લેખ સહજપણે લખાઈ ગયો.'

સર્જક તરીકે એમનું વ્યક્તિત્વ અનેક ક્ષેત્રોમાં વિસ્તરેલું છે. નવલકથા, નાટક, ટૂંકી વાર્તા તો લખી જ, ઉપરાંત અખબારના તંત્રી અને લેખક તરીકે સતત તેમને શબ્દ જોડે કામ કરવાનો અવસર મળ્યો.

૧૯૪૬માં શાળામાં ભણતા હતા તે સમયે સ્વ. વિજયરામ વૈદ્યે 'માનસી' માટે એમની રચના સ્વીકારીને પ્રગટ કરી હતી, ત્યારથી એમની કાવ્યયાત્રા શરૂ થઈ.

એમણે લખ્યું છે 'શ્વાસ લઉં છું કે હરું ફરું છું ત્યારે નહીં, પણ કેંક લખી શકું છું ત્યારે જ જીવનું છું.'

હરિન્દ્ર દવેના કાવ્યસંગ્રહો વાંચનારને અનુભવાય છે કે એમની કાવ્યસૃષ્ટિમાં પ્રેમ પથરાયેલો સર્વત્ર જોવા મળે છે, પછી એ વ્યક્તિ માટેનો હોય કે ઈશ્વર માટેનો હોય. એમના કાવ્યોમાં સાંપ્રત સમયનો પડઘો પણ છે અને પ્રેમનો રોમાંચ કે રોમાંસ પણ છે. પ્રેમ અને તેના પ્રતિભાવો, પ્રેમ અને તેનાથી એમની કવિતાઓમાં તેઓ લખે છે,

'તું માને કે ન માને, માત્ર પ્યાર જિંદગી
એક મહોબ્બત છે જગતમાં,
જે ટકી રહેવાની...'

'સૂર્યોપનિષદ' ગ્રંથની પ્રસ્થાવનામાં હરિન્દ્રભાઈએ લખ્યું છે 'પ્રેમ એ મારી કવિતા પ્રવૃત્તિની પ્રથમ અને પરમ નિસ્બત છે.'

પ્રેમ જેમણે જેમણે કર્યો છે તે તમામનો અનુભવ હશે કે યુવાવયે પ્રેમમાં માત્રને માત્ર જોશ-ઉન્માદ-આવેગ અને ઉછાળા હોય છે. પ્રેમ એવો દરિયો છે જેમાં માત્ર ભરતી જ છે, ઓટ છે જ નહિ, હરિન્દ્ર દવેની રચનાઓમાં આ ઉછળતો અને રમતો પ્રેમ વાંચવા - સાંભળવા મળે છે. એથી તો કોઈ પ્રેમનો મર્મ પૂછે અને જવાબમાં આલિંગન આપવાની વાત તેઓ આમ લખે છે.

અજવાળું - અજવાળું
તુષાર જોશી

તેં પૂછ્યો પ્રેમનો મર્મ,
અને હું દઈ બેઠો આલિંગન...

એક બીજી જગ્યાએ તેઓ આવા જ ભાવવિશ્વને પ્રસ્તુત કરતા લખે છે,

આપણી તે મેડીએ આપણા બે-એકલા
ને ફાવે તેવી તે રીતે મળજો.

પ્રેમની પ્રસન્નતાનો સૂરજ ડૂબે પછી અંધકાર છવાય, વેદનાના તારા ટમટમે અને રાત વિષાદમય થઈ જાય ત્યારની સ્થિતિને વ્યક્ત કરતા તેઓ લખે છે.

મેં એને ચિક્કાર પ્રેમ કર્યો છે, ઝંખ્યું એનું સદાનું સાન્નિધ્ય થોડીક નિકટતાએ જિંદગીભરની તરસ આપી છે.

એમની ઉદાસી ક્યારેક ગીતરુપે પ્રગટવાની હોય તેમ તેઓ લખે છે.

આજની રાત હું ઉદાસ છું.
અને મારી ખોવાયેલી પ્રસન્નતા,
મારે સર્વત્ર વહેંચાયેલી જોવી છે...

ગુજરાતી ગીતોના સ્વરકારો માટે હરિન્દ્રભાઈ પ્રિય ગીતકાર બની રહ્યા છે. પરિણામે ગુજરાતી કાવ્ય સંગીતમાં એમના ગીતો અપરંપાર લોકપ્રિયતાને પામ્યા છે. લતા મંગેશકરથી લઈને આજની તમામ લોકપ્રિય ગાયિકાઓ અને ગાયકોએ તેમના ગીતો ગાયા છે અને શ્રોતાઓએ હંમેશા પ્રેમથી ઝીલ્યા છે.

ના ના નહીં આવું, રૂપલે મઢી છે સારી રાત, તમે થોડું ઘણું સમજો, એક રજકણ સૂરજ થવાને શમણે, માધવ ક્યાંક નથી મધુવનમાં, ચહેરા મજાના કેટલા, પ્રેમમાં ચાલને ચકચૂર થૈ ચાલ્યા કરીએ... આહાહા આવા તો કેટકેટલા ગીતોએ આપણને શ્રોતા તરીકે રળિયાત કર્યા છે અને સ્મૃતિના ઉપનિષદ જેવી આ રચના કેમ ભૂલાય ?

પાન લીળું જોયું ને તમે યાદ આવ્યા
જાણે મૌસમનો પહેલો વરસાદ ઝીલ્યો રામ
એક તરણું કોળ્યું ને તમે યાદ આવ્યા
કોઈ આંગણ અટક્યું ને તમે યાદ આવ્યા
જાણે પગરવની દુનિયામાં શોર થયો રામ
એક પગલું ઉપડ્યું ને તમે યાદ આવ્યા

હરિન્દ્ર દવેની રચનાઓ જયારે જયારે વાંચીએ - સાંભળીએ - હૃદયમાં - ચિત્તમાં શબ્દોના - અર્થોના અજવાળા રેલાય છે.

ક્યાં ખોવાયું બચપણ મારું, ક્યાંકથી શોધી કાઢો

નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિની ચર્ચાઓ ચૌરે અને ચૌટે ચાલી રહી છે, ત્યારે આ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ જેમની માટે છે તેવા બાળકોના બાળપણ વિશે શ્રી કૈલાશ પંડિત દ્વારા લખાયેલી અને મનહર ઉધાસના કંઠે ગવાયેલી એક સુંદર રચના મનમાં ઘુમરાયા કરે છે.

ઘરની સઘળી વસ્તુ મરી ગઈ,
બહુ સુના છે ઘરના ખૂણા,
શાંત ઊભા છે દ્વારના પડદા,
બંધ પડ્યા છે મેજનાં ખાનાં,
રોઈ રહ્યા છે સઘળાં રમકડાં
સ્વચ્છ પડેલી ભીંતો ઘરની લાગે જાણે વિધવા થઈ ગઈ...
બિસ્તર કેરી ચાદર જાણે બાળવિહોણી માતા થઈ ગઈ....
આખો દિલ્લ ઘર આખા ને બસ, માથે લઈને ફરતો'તો...
વસ્તુ ઘરની ઉલટી સીધી અમથી અમથી કરતો'તો...
પેન લખોટી ચાકના ટુકડા ખિસ્સા માંહે ભરતો'તો...
જૂના પત્તા, રેલ ટિકિટને મમતાથી સઘરતો'તો....
કોઈ દિવસ મેં નહોતી શોધી તોયે ખુશીઓ મળતી'તી...
ખળખળ વહેતા ઠંડા જળમાં છબછબિયાં મેં કીધાં'તા...
મારાં કપડાં મારા હાથે ભીંજવી મેં તો લીધા'તા...
સાગર કેરા ખારા પાણી કેંક વખત મેં પીધાં'તાં...
કોણે આવા સુંદર દિવસો બચપણ માંહે દીધા'તા...
સૂના થયેલા ખૂણા સામે વિહ્વળ થઈને નીરખું છું...
શાંત ઊભેલા પડદાને હું મારા ફરતે વીંટું છું...
ઘરની સઘળી ભીંતોને હું હળવેથી પંપાળું છું...
ખોવાયેલા વર્ષોને હું મારા ઘરમાં શોધું છું...
ક્યાં ખોવાયું બચપણ મારું, ક્યાંકથી શોધી કાઢો,
મીઠાં-મીઠાં સ્વપ્નાઓની દુનિયા પાછી લાવો,
મોટર બંગલા લઈ લો મારા, લઈ લો વૈભવ પાછો
પેન લખોટી ચાકના ટુકડા મુજને પાછા આપો...

આ વખતે જ્યારે કલ્ચરલ ફોરમના ગ્રીષ્મોત્સવથી સૌથી આપણે સહુ વંચિત રહી ગયા છીએ ત્યારે આજથી લગભગ દસેક વર્ષ પહેલા કલ્ચરલ ફોરમમાં મનહર ઉધાસની ગઝલોનું શ્રવણનો લાભ મળ્યો હતો..તે યાદ આવે છે. બાળપણની સ્મૃતિઓ એ આપણા સૌની એવી મૂડી છે કે જેને યાદ કરવાથી આપણો વર્તમાન રણઝણી ઊઠે છે. જ્યારે ભૂતકાળ યાદ આવે કે પછી ભૂતકાળની સ્મૃતિઓ ટેસ્ટી લાગે ત્યારે સમજવું કે વર્તમાનમાં કશુંક ખૂટે છે. કંઈક મિસિંગ છે. અને પછી અચાનક જોઈ એક સાંજે આપણને જગજીત સાહ્લબની ''વો કાગઝ કી કશ્તિપ'' કે મનહર ઉધાસની આ ગઝલ હૃદયના પ્લે-સ્ટોરમાંથી અચાનક જ યાદ આવી જાય છે.

બાળપણની નફિકરાઈ, અલ્લડ મિજાજ, હરફનમૌલા જેવી પ્રવૃત્તિઓ ફરી પાછી ક્યારેય જીવનમાં આવતી નથી. જીવનનો સુવર્ણમય તબક્કો જો કોઈ હોય તો તે બાળપણ છે.

કેટ-કેટલી નાની નાની વસ્તુઓથી કે વાતોથી આપણે ખુશ થતા હતા. બાકસની છાપ, લખોટી, કોડી અને ભમરડાની કિંમત આપણે મન ઓએનજીસી કે રિલાયન્સ કેપીટલના શેરના ફરફરિયા કરતા પણ વધારે હતી. જૂની અને ન ચાલતી પેનનો શંભૂમેળો કરી તેને જીવની જેમ સાચવતા. નવો વેપાર રમતા ત્યારે કલાકોના કલાકો એમાં એવા ખોવાઈ જતા કે જાણે સાચો વેપારી વેપાર કરવા બેઠો હોય. લખોટી રમતા ત્યારે દૂરથી એક લખોટી ને આંટી દેતા હતા. આજે ભીંતમાં એક ખિલ્લી મૂકી હથોડી મારવી હોય તો બે વાર હાથ પર વાગે છે. પ્લાસ્ટિકના ડીસ્પોસેબલ ગ્લાસ અને ટીનાના ડબ્બાના તળિયે કાણા પાડી તેમાં દોરી પરોવીને તેનાથી મોબાઈલ ફોનની ગરજ સારતાં હતા. જોવાની ખૂબી એ છે કે તેમાં ન તો કોઈ દિવસ કવરેજનો પ્રોબ્લેમ આવતો કે ન તો કોઈ બેટરીનો પ્રશ્ન ઊભો થતો. અત્યારે સામસામે વાત કરતા હોવા છતાં સમજફેર અને કમ્યુનિકેશન ગેપના એંધાણ રહે છે. તે સમયની નિખાલસતા આજની દંભી વ્યવહારિકતાથી પર હતી.

ઘરની બધી ભીંતોને કેનવાસ પેપર સમજીને એમ.એફ.હુસૈનને ટક્કર મારે તેવા ચિત્રો બનાવતા. પલંગની ચાદર પર પેન્સિલના લીટા કરતા અને કરચલી વગરની સુંદર ચાદર તો રહેવા જ ક્યાથી દઈએ ! ચંપક, ચાંદામામા, બકોર પટેલની વાર્તાની ચોપડીઓ ધર્મગ્રંથ સમાન હતી. આવે કે તરત એક જ બેઠકમાં પૂરી ન થાય ત્યાં સુધી ઊઠતા નહીં. આજે અખબારમાં શેરની ઉથલપાથલ જોવામાંથી ઊંચા નથી આવતા. ચોમાસામાં સ્કૂલેથી આવતી વખતે હાથે કરીને વરસાદના ઝાપટા ઝીલતાં. ખાબોચિયામાં ભૂસકા લગાવતા મનગમતા લાલચટક જીવડાને ઉત્સુકતાથી જોતા. આજે જ્યારે મારી દીકરીને આ રેશમી જીવ બતાવવા લઈ જવું છું તો દેખાતા નથી. કૉંક્રિટનું જંગલ એમને ગળી ગયું હોય તેમ લાગે છે.

વિચારયાત્રા
ડો. જય ઓઝા

વેકેશનમાં આખા દિવસની રઝળપાટ, દોડ પકડ રમવા છતાં કોઈ દિવસ સનસ્ટ્રોક લાગ્યો હોય તેવું યાદ નથી. આજે એ.સી. કારમાં પણ બપોરે બહાર નીકળાતું નથી. ભાઈબંધ બૂમ મારી એટલે ઉઘાડા પગે એક છલાંગે ઘરની બહાર નીકળતા હતા. આજે એક રૂમમાંથી બીજા રૂમમાં પણ સ્લીપર વગર જતા નથી.

આખું ગામ તોફાન કરીને માથે લીધું હોય, ગિલ્લી-દંડા રમતાં રમતાં કોઈને વાગી ગયું હોય. અંચાઈ કરીને દાવ લીધા વિના ધોલધપાટ કરીને ઘરે ભાગી આવીએ. પાછળ પાછળ લાલિયાની મમ્મી ઝગડવા ઘરે આવી હોય, ત્યારે મમ્મીની સાડીનો છેડો પકડીને સંતાઈ જવાનું યાદ આવે છે. આજે જ્યારે દંભી દુનિયા અને કપટી લોકો હેરાન કરતા હોય ત્યારે મન તો ઘણું થઈ આવે કે મમ્મીની સાડીનો છેડો પકડીને તેની પાછળ સંતાઈ જઈએ અને મમ્મી બધાને વઢી નાખે પણ હવે આપણે મોટા થઈ ગયા ને આપણું મોટાપણું આપણને નાના બનતા રોકે છે.

આપણે આપણા બાળપણને જ ટૂંપો દઈ દઈએ છીએ. બાળપણની એ સ્મૃતિઓ કે જે ક્યારેય પાછી નથી જ આવવાની તેને આપણા બાળકોના બચપણ સાથે જીવવાની હોય છે. ખરેખર તો આપણું બાળપણ આપણા બાળકોનાં સવરૂપમાં આપણા ઘરમાં જ આંટા મારે છે. આપણા જ બચપણને ફરી જીવતા આપણો પાલ્ય જ્યારે નેરોલેક કે એશિયન પેઈન્ટ્સની દિવાલો પર કબરચીતરા લીટાં કરે ત્યારે તેના પર ગુસ્સે ન થાવ. તેનાં તોફાનોમાં, નિર્દોષ મજાકમાં, તેના ગાંડા-ઘેલા સવાલો પર ચિડાઈ જવાના બદલે એમ વિચારો કે આમના દ્વારા ફરી પાછું આપણને આપણું બચપણ જીવવાનો મોકો મળ્યો છે.

કોઈ દિવસ 'બાળમજૂરી અટકાવો'ના બૂમ-બરાડા પાડીને તેને અટકાવી શકાશે નહીં. પરંતુ તે શૈશવ આનંદથી વંચિત બાળકની વેદના સાથે સંવેદન સાધવાથી જ આપણે તેમની માટે કંઈક કરી શકીશું.

ચાલોને વળી પાછા બિન્દાસ બચ્ચા બની જઈએ..આ ઈ.એમ.આઈ.ની ઝંઝટ, ક્રેડીટ કાર્ડના સ્ટેટમેન્ટ અને રીલેશન મેઈન્ટેઈન કરવાની પળોજણ પાછળ મૂકી આવીએ. ડીપ્લોમેટીક સવાલ-જવાબ, ગરજાઉ સંબંધો નિભાવવાના ખોટા પ્લાસ્ટિકિયા હાસ્યને વિસારે પાડી દઈને આપણામાં જ રહેલા પેલા બાળકને જાગૃત કરીને તેના બાળપણને જીવંત રાખીને વળી પાછા ખિસ્સામાં ચોકના ટૂકડાં ભરી લઈએ.

jayuoza@gmail.com, Mo.9898046488

પારિજાતને કલ્પવૃક્ષ કેમ કહેવાય છે?

ઓગષ્ટ મહિનાની પાંચમી તારીખના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અયોધ્યામાં રામ મંદિર નિર્માણના ભૂમિપૂજન વેળા મંદિર પરિસરમાં પારિજાતનો છોડ રોપ્યો ત્યારથી પારિજાત વિશે જાણવાની લોકોમાં જિજ્ઞાસા વધી ગઈ છે. પારિજાતના વૃક્ષના આરોગ્ય વિષયક ગુણો અને પૌરાણિક મહાત્મ્યનો ખ્યાલ આવવા લાગતા નર્સરીઓમાંથી પારિજાતના છોડનો ઉપાડ વધવા લાગ્યો. પારિજાતના વૃક્ષ વિષે મિત્ર કનુભાઈ યોગીના એફબી પેજ વનવગડો ઉપર અનાયાસે સરસ વાત વાંચવા મળી. કનુભાઈ પર્યાવરણ પ્રેમી તો છે જ, એની સાથે સાથે સારા સર્જક પણ છે. એમના પેજ ઉપર પર્યાવરણ પ્રેમીઓના વિચારો અવાર નવાર માણવાનો અવસર મળી જાય છે.

મુળ વાત કરવી છે પારિજાતની. પારિજાતનું વૃક્ષ કેમ કલ્પવૃક્ષ કહેવાય છે? આ વૃક્ષ કેવી રીતે આવ્યું? એનો મહિમા કેમ અનેરો છે? આ તમામ પ્રશ્નોના તાર શાસ્ત્રો અને પુરાણો સાથે જોડાયેલા છે. હરિવંશ, વિષ્ણુ અને ભવિષ્ય એમ ત્રણ પર્વોવર્ણવતા ૩૧૮ અધ્યાયમાં આલેખાયેલા હરિવંશપુરાણમાં પારિજાતનાં વૃક્ષનો ઉલ્લેખ જોવા મળે છે. પારિજાત વૃક્ષનો છેડો સમુદ્ર મંથનમાં મળે છે. પુરાણ કથા અનુસાર મહર્ષિ દુર્વાસાના શ્રાપથી ઈન્દ્રલોકમાં લક્ષ્મી, વૈભવ અને ઐશ્વર્ય સમાપ્ત થઈ ગયા હતા. તમામ દેવી દેવતાઓ અત્યંત વ્યથીત અને દુઃખી થઈ ગયા હતા. વિષ્ણુ ભગવાને આ મુશ્કેલીના ઉપાય માટે સમુદ્ર મંથન કરવાની સલાહ આપી. સમુદ્ર મંથન માટે દાનવોની મદદ લેવા પણ સુચવ્યું. દેવો અને દાનવોએ સાથે મળીને સાગરને વલોવવાનું કામ શરૂ કર્યું. સમુદ્ર મંથનમાં સૌથી પહેલા વિષ બહાર આવ્યું. શંકર ભગવાને વિષ પીધુ અને એ કંઠમાં ભરી રાખ્યું. પરિણામે એમનું ગળુ આસમાની થઈ જતા શીવજી નિલકંઠ કહેવાયા. ત્યારબાદ કામધેનુ, ઉચ્ચેશ્રવા અશ્વ, ઐરાવત હાથી, કૌસ્તુભ મણિ, કલ્પવૃક્ષ પારિજાત, રંભા, માતા લક્ષ્મી, મદિરા, ચંદ્રમા, શંખ, ધનવંતરી, અમૃત અને કલ્પદ્રુમ ૧૪ રત્નો સમુદ્ર મંથનમાંથી પ્રાપ્ત થયાં.

સમુદ્ર મંથનમાંથી મળેલા પારિજાતને ઈન્દ્ર દેવ સ્વર્ગમાં લઈ ગયા. સ્વર્ગના બગીચામાં એને સ્થાન આપ્યું. પારિજાતના પુષ્પોની સુવાસ અને નયનરમ્ય પાને દેવી દેવતાઓના મન મોહી લીધા હતા. પારિજાત વૃક્ષ સ્વર્ગથી ધરતી ઉપર કેવી રીતે આવ્યુ એની પણ એક રોચક પુરાણ કથા છે. પારિજાતના પુષ્પો લઈને એક વાર નારદજી કૃષ્ણ ભગવાનને મળવા આવ્યા હતા. આ તમામ ફુલ કૃષ્ણ ભગવાને તેમની પત્ની રૂકમણીજીને આપ્યા. આ વાતથી સત્યભામાજી નારાજ થયા. ભગવાન શ્રીકૃષ્ણ પાસે પારિજાતનું આખુ વૃક્ષ લઈ આપવા જીદ પકડીને સત્યભામાજી બેઠા. કૃષ્ણ ભગવાને સત્યભામાને ખુબ સમજાવ્યા કે આ સ્વર્ગલોકનું કલ્પવૃક્ષ છે એ ધરતી ઉપર ના લાવી શકાય. પણ સત્યભામા એકના બે ન થયાં. અંતે શ્રી કૃષ્ણે ઈન્દ્ર દેવ પાસે પારિજાતનું વૃક્ષ આપવા રજૂઆત કરી. ઈન્દ્ર દેવે પારિજાત આપવાની કૃષ્ણને ના પાડી. ના છૂટકે કૃષ્ણ ભગવાને ઈન્દ્રને પરાજીત કરી પારિજાતનું વૃક્ષ સ્વર્ગમાંથી લાવીને ધરતી ઉપર એમના મહેલમાં રોપ્યું. જો કે કૃષ્ણએ સત્યભામાને પાઠ ભણાવવા પારિજાત એવી રીતે સત્યભામાના મહેલમાં વાવ્યું કે તેના બધા ફુલો પડતા રુકમણીજીના કંપાઉન્ડમાં.

પારિજાત વૃક્ષ પાછળ બીજી પણ એક પ્રચલિત દંત કથા છે. પારિજાત નામની એક સ્વરૂપવાન રાજકુમારી હતી. આ રાજકુમારી સૂર્ય દેવને પ્રેમ કરતી. સૂર્ય પારિજાત રાજકુમારીને ભાવ નહોતા આપતા. સૂર્યને પામવાના રાજકુમારીના અથાક પ્રયત્નો છતાં સૂર્ય દેવ પારિજાતને કોઠુ નહોતા આપતા. રાજકુમારીએ આખરે આત્મહત્યા કરી જીવનનો અંત આણ્યો. કહેવાય છે કે, રાજકુમારીને જ્યાં દફનાવવામાં આવી હતી એની કબર ઉપર એક સુંદર વૃક્ષ થયું. એને પારીજાતનું વૃક્ષ કહેવાય છે.

પારિજાતના વૃક્ષ અને પુષ્પોની પૌરાણિક તથ્યોના આધારે લોકો માને છે કે, જ્યાં પારિજાતના પુષ્પ હોય ત્યાં સમૃદ્ધિનો નિવાસ હોય છે. મા ભગવતી અને માતા લક્ષ્મીના પૂજન વેળા પારિજાતના પુષ્પો અર્પણ કરવામાં આવતા હોય છે. પશ્ચિમ બંગાળમાં દુર્ગાપૂજા અને કાલી પૂજામાં પારિજાતના પુષ્પોનું વિશેષ મહત્વ હોય છે. જો કે પારિજાતના પુષ્પો વૃક્ષ ઉપરથી તોડીને નહીં એની મેળે જમીન ઉપર પડેલા પુષ્પ જ માતા લક્ષ્મી અને ભગવતીની પુજામાં ઉપયોગમાં લેવામાં આવે છે.

આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

આમ તો પારિજાતના વૃક્ષ સમગ્ર ભારતના તમામ પ્રદેશમાં જોવા મળે છે પરંતુ ઉત્તર પ્રદેશના બારાબંકી જિલ્લામાં આવેલા